પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૬૭, કુલ પાના:૪, તારીખ: ૧૦-૦૩-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 167 PRICE :-RS. 1.50 DATE : 10-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે આપ્યું રાજીનામું



દહેરાદૂન,

ઉત્તરખંડમાં છેલ્લાં સપ્તાહથી રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે, જે બાદ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે રાજીનામું આપી દીધું છે. તેઓએ થોડાં સમય પહેલાં જ રાજભવન પહોંચીને રાજ્યપાલ બેબી રાની મોર્ય સાથે મુલાકાત કરી જ્યાં તેઓએ પોતાનું રાજીનામું આપી દિધું છે. ઉચ્ચ શિક્ષણ મંત્રી ધનસિંહ રાવતને નવા મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. પાર્ટીના ધારાસભ્ય દળની બેઠક આવતી કાલે સવારે ૧૧ વાગ્યે મળશે. ધનસિંહ રાવત વર્તમાન સરકારમાં ઉચ્ચ શિક્ષણ મંત્રી છે. ધનસિંહને રાજધાની દેહરાદૂન લાવવા માટે સરકારી હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું હતું. પાર્ટી હાઈકમાન્ડે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રમન સિંહ, મહાસચિવ અને રાજ્યના પ્રભારી દુષ્યંત ગૌતમને ધારાસભ્ય દળની બેઠક માટે પર્યવેક્ષક બનાવવામાં આવ્યા છે. બંને ધારાસભ્ય દળના નવા નેતાની પસંદગી કરવા માટે આજે સાંજે જ દેહરાદૂન પહોંચ્શે. આ પહેલાં શનિવારે પાર્ટીએ આ બંને નેતાઓને ઓબ્ઝર્વર બનાવીને ઉત્તરાખંડ મોકલ્યા હતા. બંનેએ નારાજ નેતાઓ સાથે વાતચી કરી રિપોર્ટ કેન્દ્રીય નેતૃત્વને સોંપ્યો હતો.

રાવતના રાજીનામા બાદ ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા હરીશ રાવતનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ કહ્યું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ પણ માની લીધું છે કે હાલની સરકાર કંઈ જ કરી શકી નથી. હવે હું રાજ્યની સત્તામાં બદલાવ જોઈ રહ્યો છું. કોઈ જ ફર્ક નથી પડતો કે તેઓ હવે કોને લાવે છે પરંતુ ૨૦૨૨માં સત્તામાં પરત નહીં ફરે તે ચોક્કસ છે. ત્રિવેન્દ્રસિંહ રાવતે રાજ્યપાલને રાજીનામું આપીને સીધા જ પ્રેસ કોન્ફરન્સ કરવા પહોંચ્યા તેઓએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે હું લાંબા સમયથી રાજકારણમાં છું. મારા જીવનની આ સ્વર્ણિમ તક મને આપવામાં આવી હતી. નાનકડા ગામમાં જન્મ લીધો, પિતાજી પૂર્વ સૈનિક હતા. ક્યારેય કલ્પના પણ કરી ન હતી કે પાર્ટી મને આટલું મોટું સન્માન આપશે. ભાજપમાં જ આ શક્ય હતું. નાનકડા ગામના કાર્યકર્તાને આટલું મોટું સન્માન આપ્યું. ૪ વર્ષ સુધી મને સેવા કરવાની તક આપવામાં આવી. પાર્ટીએ વિચાર કર્યો અને સામૂહિક રૂપથી આ નિર્ણય લીધો કે મારે હવે અન્ય કોઈને આ તક આપવી જોઈએ. ૯ દિવસ બાકી છે ચાર વર્ષ પૂરાં થવામાં. હું પ્રદેશવાસીઓને પણ ધન્યવાદ આપવા માગુ છું. ૪ વર્ષ સુધીની તક જો પાર્ટીએ ન આપ્યો હોત તો મહિલાઓ અને યુવકો માટેની યોજના હું ન લાવી શક્યો હતો. જે પણ કોઈ આ જવાબદારી ભજવશે તેને મારી ઘણી જ શુભેચ્છા.

## વિધાનસભાના બજેટ સત્રઃ રોજગારી મુદ્દે ફરી એકવાર ભાજપ-કોંગ્રેસ આમને સામને



ગાંધીનગર,

રાજ્ય સરકારની મહત્વની સેવાઓ ફિક્સ પે અને કોન્ટ્રાકટ આધારિત હોવાથી યુવાનોને અન્યાય થયાનો વિપક્ષ નેતાનો આરોપ. વિધાનસભાના બજેટ સત્રના પ્રશ્નોતરી કાળ દરમિયાન વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ આઉટસોર્સિંગ મુદ્દે સરકારની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. જિલ્લાઓમાં સરકારી હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓ મામલે સરકારના જવાબ બાદ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ આરોપ લગાવ્યો હતો કે સરકારની મોટાભાગની સેવાઓમાં કર્મચારીઓ આઉટસોર્સિંગ, કોન્ટ્રાકટ કે ફિક્સ પે આધારિત છે અને સરકાર સીધી ભરતી કરવાથી દૂર ભાગી રહી છે. રૂપાણી સરકારમાં ૬.૫ લાખથી વધુ કર્મચારીઓ ફિક્સ પે, આઉટસોર્સિંગ કે કોન્ટ્રાક્ટ આધારિત કામ કરતા હોવાનો વિપક્ષ નેતાનો દાવો.

સરકાર સીધી ભરતીના દાવાઓ કરે છે પરંતુ ફિક્સ પે અને આઉટસોર્સિંગના કારણે યુવાનોનું શોષણ થાય છે અને તેમને અન્યાય થઈ રહ્યાનો વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ આરોપ લગાવ્યો. જેના કારણે ગૃહના નેતા અને મુખ્યમંત્રી રૂપાણીએ વાંધો ઉઠાવ્યો અને વિપક્ષ નેતા બે બાબતો ભેગા કરી રહ્યાનો આરોપ લગાવ્યો. મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે કોંગ્રેસના શાસનમાં તો ભરતી પ્રક્રિયા બંધ થઈ ગઈ હતી પણ ભાજપ સરકારે આ ભરતી પ્રક્રિયા શરૂ કરી અને લાખો યુવાનોને રોજગારી આપી છે. સરકારે દસ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવવામાં આવ્યું છે જેના આધારે તમામ વિભાગોમાં ભરતી પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ દાવો કર્યો કે જે વધારાની સેવાઓ હોય છે તેમાં જ સરકાર કોન્ટ્રાકટ કે આઉટસોર્સિંગનો સહારો લે છે. બાકી તમામ વિભાગોમાં સીધી ભરતી કરી છે અને યુવાનોને રોજગારી આપી છે. આમ આજે ફરી એકવાર સરકાર અને વિપક્ષ રોજગારી મુદ્દે આમને સામને આવ્યા હતા પણ વિપક્ષના તમામ આરોપો અને દાવાઓને સરકારે ફગાવ્યા હતા.

## શાળાઓને SOPના અમલ માટે આદેશ કરાયોઃ શિક્ષણમંત્રી




ગાંધીનગર,

કોરોના વાયરસના કેસો ઓછા થતા રાજ્યમાં જાન્યુઆરી મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરાયું હતું. આ બાદ તબક્કાવાર અન્ય ધોરણના કલાસ શરૂ થયા. જોકે મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂરી થયા બાદ રાજયના અલગ-અલગ શહેરો અને જિલ્લાઓમાં કોરોનાના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. જેને લઈને વાલીઓ, વિદ્યાર્થીઓની તથા શિક્ષણ જગતમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ત્યારે પહેલીવાર શિક્ષણ મંત્રી તરફથી શાળામાં કોરોનાનું સંક્રમણ ફેલાવવા બાબતે એસઓપીનું ચૂસ્ત પાલન કરાવવા તથા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કોરોના થવા પર તાત્કાલિક સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરાવી કરાઈ હોવાનું જણાવ્યું હતું. શિક્ષણ મંત્રીએ આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સ્કૂલોમાં કોરોનાના કેસ મળી આવતા શિક્ષણ વિભાગ સક્રિય થયું છે અને સ્કૂલોમાં કરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે કોવિડ સંદર્ભની એસઓપીનું ચુસ્ત પાલન થાય તે માટે આદેશ આપવામાં આવ્યો છે. સાથે જ જે બાળકો અને શિક્ષકો સંક્રમિત થયા તેમને તાત્કાલિક સારવાર મળે તેવી વ્યવસ્થા કરાવામાં આવી રહી છે. ઉપરાંત ભવિષ્યમાં કોરોના સંક્રમણ ન ફેલાય, તે માટે શિક્ષણ અને આરોગ્ય વિભાગ સંકલનમાં હોવાનો દાવો તેમણે કર્યો અને સંક્રમણ શૂન્ય થાય તેવા પ્રયાસ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

★ કોરોના કેસોને લઈને વાલીઓ, વિદ્યાર્થીઓની તથા શિક્ષણ જગતમાં પણ ચિંતાનું મોજું.

★ જે બાળકો સંક્રમિત થાય તેમને સારવારની વ્યવસ્થા કરાઈ છેઃ શિક્ષણમંત્રી.

## કોલકાત્તામાં રેલ્વેની બહુમાળી ઈમારતમાં ભીષણ આગઃ ૯ લોકોના મોત



કોલકાત્તા,

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકતામાં એક બહુમાળી ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. જેમાં ૯ લોકોના મોત નિપજ્યા છે. જો કે હાલ આગ પર કાબૂ મેળવી લેવાયો છે. પશ્ચિમ બંગાળમાં એક તરફ વિધાનસભા ચૂંટણીઓનો ગરમાવો છે. ત્યાં બીજી બાજુ આગની આ ઘટનાથી આસપાસના લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. તેમણે મૃતકોના પરિવારે પ્રધાનમંત્રી રાહત કોષમાંથી ૨-૨ લાખ રૂપિયા અને ગંભીર ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ઓફિસર સુજીત બોસનું કહેવું છે કે આ આગમાં ૯ લોકો બળીને ભડથુ થઈ ગયા છે. જ્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાની જાહેરાત કરી છે.

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા માં સ્ટ્રાંસ રોડ પર ન્યૂ કોલાઘાટ બિલ્ડિંગના ૧૨ અને ૧૩મા માળે ભયાનક આગ લાગતા ૯ લોકોનાં મોત નિપજ્યા છે. આ ઈમારતમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ રેલવેની ઓફિસ પણ આવેલી છે. ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર રેલવેનું કમ્પ્યૂટરાઈઝ્સ રિઝર્વેશન સેંટર પણ આવેલુ છે. ઘટનાસ્થળે ૧૫ ફાયર ટેન્ડર રવાના કરવામાં આવ્યા હતાં.

મૃતકોમાં ૪ ફાયર વિભાગના કર્મચારીઓ, એક રેલવે પોલીસનો કર્મચારી, એક એએસઆઈ તથા અન્ય એક વ્યક્તિનો સમાવેશ થાય છે. જ્યારે એક આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર પણ હતા, જે હરે સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. આ સિવાય બે આરપીએફ જવાનો પણ હતા.

ઘટનાસ્થળ પર મુખ્યમંત્રી મમતા બેનરજી પહોંચી ગયા હતા. તેમણે મૃતકના પરિવારને આર્થિક સહાય ઉપરાંત પરિવારમાંથી એક વ્યક્તિને સરકારી નોકરી આપવાની જાહેરત કરી છે. આગ લાગવાના કારણે પૂર્વ રેલવેની ઓનલાઈન બુકિંગ તથા ઉત્તર પૂર્વી રેલવેની ટિકીટ બુકિંગ વ્નેયવસ્થાને અસર પહોંચી હતી.

બહુમાળી બિલ્ડિંગમાં ભીષણ આગ લાગવાથી અફરા-તફરી મચી ગઈ હતી. ઈમારતને ખાલી કરાવી લેવામાં આવી હતી અને આ વિસ્તારમાં અવર-જવર પર પ્રતિબંધ લગાવી દીધો છે.

## શહેરની શાળાઓમાં ફાયર NOCને લઈને હાઈકોર્ટે સરકારને આકરી ટકોર કરી

અમદાવાદ,

ગુજરાત રાજયના અમદાવાદ શહેરની શાળાઓમાં ફાયર એનઓસીને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને આકરી ટકોર કરી છે. હાઈકોર્ટની સખ્ત ટકોર બાદ અમદાવાદ શિક્ષણ તંત્ર સક્રિય બનવાની સાથે સાથે વેગવંતુ પણ બન્યુ છે. આ મામલે અમદાવાદના ડીઈઓએ શાળા સંચાલકોને ફાયર એનઓસી મેળવી લેવા માટે પત્ર લખ્યો છે. પત્ર માં સપષ્ટ ઉલ્લેખ કરવાની સાથે સાથે ૧૨ માર્ચનું અલ્ટિમેટ આપવામાં આવ્યુંછે. જેમાં ૧૨મી માર્ચ સુધી ફાયર સેફટીના સાધનો ઈન્ટોલ કરવાનું પણ સખ્ત રીતે કહેવામાં આવ્યું છે. ફાયર સેફટીના સાધનો ઈન્સ્ટોલ થયા બાદ શિક્ષણ નિરીક્ષકને જાણ કરવા પણ સૂચના આપવામાં આવી છે..તો બીજી તરફ શિક્ષણ પ્રધાને સ્કૂલોમાં ફાયર એનઓસી જરૂરી હોવાનું કહ્યુ છે. શિક્ષણ વિભાગે પણ બાળકોની સલામતી માટે સાથે રહીને ફાયર એનઓસી મળી રહે એ માટે પ્રાથમિકતા નક્કી કરી છે હાઈકોર્ટે જે આદેશ આપ્યો છે એનું સખતપણે પાલન કરીશું તેવો વિશ્વાસ પણ શિક્ષણ પ્રધાને દાખવ્યો છે.

## થાણેના ૧૬ હોટસ્પોટ વિસ્તારમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન લદાયું



મુંબઈ,

દેશમાં જ્યા કોરોનાનાં કેસમાં છેલ્લા ઘણા દિવસોથી વધારો ઝીંકાયો છે. ત્યારે સૌથી વધુ કોરોનાનાં કેસ મહારાષ્ટ્રમાંથી સામે આવી રહ્યા છે. અહી સ્થિતિ સતત બેકાબુ થઈ રહી છે. મહારાષ્ટ્રમાં દિનપ્રતિદિન કોરોનાના કેસો વધી રહ્યાં છે. વધતા જતા કેસોથી થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને જિલ્લાના ૧૬ હોટસ્પોટમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન લાદવાનો નિર્ણય લીધો છે. તદપરાંત કોરોનાના વધતા જતા કેસોને કારણે નાસિકમાં પણ વીકએન્ડમાં લોકડાઉન રહેશે અને મંગળવારથી અન્ય ઘણા પ્રતિબંધો લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી વહીવટી તંત્રએ નિર્ણય લીધો કે ૧૫ માર્ચથી જિલ્લામાં લગ્નના કાર્યક્રમોની મંજૂરી આપવામાં આવશે નહીં. જેમને પહેલાંથી જ ૧૫ માર્ચ સુધી પરવાનગી મળી ચૂકી છે, માત્ર તેમને મંજૂરી આપવામાં આવશે. જ્યારે થાણે શહેરના ૧૧ હોટસ્પોટ પર ૧૧ માર્ચથી ૩૧ માર્ચ સુધી લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રનાં ઘણા શહેરોમાં જાહેર જનતા માટે અવર-જવર પર અંકુશની સાથે રાજ્યનાં આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ એક ચેતવણી આપી છે કે ખરેખર કોરોના જોખમી પરિસ્થિતિમાં પહોંચી રહ્યો છે. ટોપે કહ્યું કે, મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી, જિલ્લા મેજિસ્ટ્રેટ્સ અને પોલીસ કમિશનરો સાથે ચર્ચા કર્યા પછી કડક પગલાની જાહેરાત કરી શકાય છે. આપને જણાવી દઈએ કે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંગળવારથી ૩૧ માર્ચ સુધી COVID હોટસ્પોટ વિસ્તારોને લોકડાઉન કરવામાં આવે છે. હજી સુધી થાણેનાં ૧૬ વિસ્તારોને હોટસ્પોટ્સ તરીકે ઓળખવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા મિશન ફરી શરૂ હેઠળ આપેલી છૂટ મુજબ હોટસ્પોટની બહારનાં વિસ્તારોમાં પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે.

કોરોના વાયરસનાં વધતા વાયરસનાં કારણે વહીવટીતંત્રે આ નિર્ણય લીધો છે. ૩૧ માર્ચ સુધી લોકડાઉન લગાવી દેવામાં આવ્યું છે. લોકડાઉનમાં જરૂરી ચીજ-વસ્તુઓ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં, બાકીની બાબતો પર ખૂબ કડક વલણ રહેશે. એક દિવસ અગાઉ મુંબઈમાં કોરોના વાયરસનાં ૧૩૬૧ કેસ નોંધાયા છે. વળી સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૧ હજારથી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા પાંચ મહિનામાં આ આંકડો સૌથી વધુ છે. પાંચ મહિનામાં, એક જ દિવસમાં આટલા બધા કિસ્સા બન્યા નહીં.

સતત બે દિવસ ભારતમાં કોરોનાના કેસ ૧૮,૦૦૦ કરતા વધારે નોંધાયા બાદ સોમવારે નોંધાયેલા કેસની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. આ વખતે ૧૫,૦૦૦થી સામાન્ય વધારે નવા કેસ નોંધાયા છે જ્યારે મૃત્યુઆંક ૧૦૦ની નીચે રહ્યો છે. આ સાથે પાછલા ૨૪ કલાકમાં નવા કેસની સરખામણીમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધી છે.

મંગળવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૫,૩૮૮ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૭૭ લોકોએ દેશમાં કોરોના વાયરસના કારણે જીવ ગુમાવ્યો છે. સતત નવા કેસમાં વધારો થવાના કારણે એક્ટિવ કેસનો આંકડો ઊંચો જઈ રહ્યો છે. જોકે, પાછલા ૨૪ કલાકમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા કરતા નવા કેસની સંખ્યા ઓછી નોંધાઈ છે. ગઈકાલે દેશમાં ૧૬,૫૯૬ લોકો કોરોનાને હરાવીને સાજા થયા છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧,૮૭,૪૬૨ પર પહોંચી છે. આરોગ્ય મંત્રાલયે કહ્યું કે દેશમાં કોવિડ -૧૯ના કુલ સારવાર લઈ રહેલા દર્દીઓમાં ૭૪ ટકાથી વધારે કરેળ અને મહારાષ્ટ્રમાં છે. એ બાદ છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં પણ મામલા વધી રહ્યા છે. પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં પણ રોજ બરોજ મામલામાં વૃદ્ધિ થવાની પ્રવૃત્તિ જોવા મળી છે. જે ૧૮, ૨૦૦થી વધી ૨૧, ૩૦૦ થઈ ગઈ છે. જ્યારે અઠવાડિયાની પુષ્ટિ દર ૪.૭થી વધી ૮ ટકા થઈ ગઈ છે.

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





ગોધરા નગર પાલીકાની ચુંટણીમાં વોર્ડ નં-૦૩ના મતદાર ભાઈ-બહેનો, વડીલો, મિત્રો તેમજ જાણે-અજાણે જેમણે અમને સાથ-સહકાર આપ્યો તે તમામ મતદારો નો હૃદય પુર્વક આભાર માનીએ છીએ.

**દીપેશસિંહ ઠાકોર**

ગોધરા

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં મસવાડ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

**નગીનભાઈ બળવંતસિંહ પરમાર**

મસવાડ, તા.હાલોલ, જી.પંચમહાલ

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં તરખંડા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

**મહેન્દ્રસિંહ દલપતસિંહ ચાવડા**

તરખંડા, તા.હાલોલ, જી.પંચમહાલ

# સંતરામપુર તાલુકાના માનગઢ ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, છેલ્લા ૧૦૦થી વધુ વર્ષોથી સમગ્ર વિશ્વમાં તા.૮મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના માનગઢ ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ મહિલાઓને વર્ષના તમામ દિવસોમાં પોતાનો ખ્યાલ રાખવા અને પૌષ્ટીક આહાર લેવાનો અનુરોધ કર્યો હતો. નેહા કુમારીએ મહિલાઓને રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા સહિત શૌચાલયનો ઉપયોગ કરવા પર ભાર મૂકયો હતો.

આ પ્રસંગે મહિલાઓને વિવિધ યોજનાઓની જાણકારી મળી રહે તે માટે જુદા જુદા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા જેનાથી મહિલાઓ વિવિધ યોજનાઓથી માહિતગાર થઇ હતી. વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા કાર્યક્રમના સ્થળે ભાગ લેવા આવેલ તમામ હિલાઓના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. જયારે આઇ.સી.ડી.એસ. વિભાગ દ્વારા પોષણયુકત ખોરાક કેવી રીતે બનાવવો અને કઇ કઇ વાનગી બનાવી શકાય તે માટેનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એફ.ઇ.એસ. સંસ્થા અને ફેડરેશન દ્વારા ખેતીવાડી વિષય ઉપર જાણકારી આપતો સ્ટોલ અને મિશનલ મંગલમ વિભાગ દ્વારા જૂથની બહેનો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ ચીજવસ્તુઓના પ્રદર્શનના સ્ટોલોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય સ્તરે મહિલાઓ એસ.એચ.જી. જૂથો દ્વારા કઇ કઇ કામગીરી કરી શકે છે તેની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સ્વ સહાય જૂથની નિયમિત મીટીંગ, નિયમિત બચત, હિસાબોના ચોપડા કેવી રીતે નિભાવવા અને સરકારી યોજનાઓના લાભ લેવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. ફેડરેશનની બહેનો દ્વારા ફેડરેશનની રચના તથા તેના ફાયદાઓ અને વતર્માનમાં કરવામાં આવી રહેલ કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ફેડરેશન દ્વારા અંદાજિત ૬૩૦૦ પરિવારોને સારી ગુણવત્તા ધરાવતા અને વાજબી ભાવે બિયારણો પૂરા પડવામાં આવી રહ્યા છે. આજ રીતે શાકભાજીના તંદુરસ્ત રોપા, બીજ માવજત તથા અન્ય કૃષિ ઈનપુટ સ્થાનિક સ્તરે પુરૂં પાડવામાં આવે છે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ધી ગાયત્રી વિવિધ સહકારી સં.મ.લિ. દ્વારા કરવાં આવ્યું હતુ જેમાં વિવિધ ગીતો, પ્રેરણાદાયી કામગીરીની ચર્ચા અને આગામી સમયમાં કરવામાં આવનાર કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંતરામપુર તાલુકાના ૨૦ આદિવાસી ગામોમાંથી સ્વસહાય જૂથના સભ્યો, ગ્રામ સંગઠનો અને ફેડરેશનના સભ્યો, તાલુકા પંચાયતના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સંતરામપુરના સરસણ પ્રા.આરોગ્ય કેન્દ્રમાં ૧૭૦ શિક્ષકોને કોરોના વેકસીન મુકાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના સરસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૧૯૦ શિક્ષકોને કોરોનાની વેક્સિન મૂકવામાં આવી. સંતરામપુર તાલુકાના નાની સરસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સરકારન ગાઈડ લાઈન મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પ્રાથમિક શાળામાં ૧૯૦ શિક્ષકોને કોરોના ની રસી મૂકવામાં આવેલી હતી. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં ફરીથી કોરોના ની સંખ્યા નું પ્રમાણ વધતું જાય છે ત્યારે શિક્ષકોએ આજે કોરાની રસી મુકાવી હતી. કોરોનાવાયરસ થી બચવા માટે સિનિયર સિટીઝન ૬૦ વર્ષ ઉપરના વ્યક્તિઓ અને શિક્ષકો હવે ધીરે ધીરે સરકારની સુચના અને નિયમોનું પાલન કરીને કોરા ની રસી મુકાવી છે અને અને તમામ શિક્ષકોએ જણાવેલું કે રસી મુક્યા પછી કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી રોગપ્રતિકારક શક્તિનો વધારો થાય છે અને રસી મુકવાથી કોરોના જેવી ગંભીર વાયરસથી બચી શકાય છે.

# મહીસાગરમાં આજે ૦૨ પોઝિટિવ કેસ

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે વિરપુર તાલુકાના ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૯-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૩૧ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૨ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૪૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૩૬૧૩૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૭ દર્દી હોમ આઇસોલેશન અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૮ દર્દીઓ ઓક્સિજન પર છે.

# ખાનપુરના પાંડરવાડાની સંયુકત જમીનમાં ખોટા દસ્તાવેજના આધારે બીઓબી પાંડરવાડા શાળામાં ૮૦ હજાર લોન લેવાતા લેખિત ફરિયાદ

- પાંડરવાડા ગામે આવેલ સંયુકત મિલ્કતના ૫૩ વ્યકિતઓની.
- સંયુકત મિલ્કતમાં ૩ વ્યકિત અને તલાટી અને સર્કલ ઓફિસરના બેંકના મેળાપીપણાંમાં લોન.
- ૧૩૫ ડીની નોટીસ નહિ બજાવી લોનની નોંધ પાડી.

લુણાવાડા, ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામે રહેતા છ જેટલા ઈસમો એ સર્વે નંબર ૨૫૨/૨, ૨૫૩/૨, ૨૭૨/૨,૨૯૧/૩ વાળી જમીન બનાવટી દસ્તાવેજ ઉભા કરીને પાંડરવાડા બીઓબી બેંક માંથી ૮૦,૦૦૦/-રૂપીયાની લોન મંજુર કરાવી ઠગાઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ બાકોર પોલીસ મથકે નોંધાવા પામી છે.

ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામે આવેલ સર્વે નંબર ૨૫૨/૨, ૨૫૩/૨, ૨૭૨/ ૨,૨૯૧/૩ વાળી જમીનના મગનભાઈ પીતાંબરભાઈ પંડયા સહિત ૫૩ વ્યકિતઓની સહીયારી જમીન છે. આ જમીનમાંથી લોન લેવા માટે ૨૦૧૩માં મગનભાઈ પિતાંબરભાઈ પંડયાની સહીના બનાવટી કાગળો તૈયાર કર્યા હતા અને આ કામના આરોપીઓ રમીલાબેન મગનભાઈ પંડયા, વિશાલ મગનભાઈ પંડયા, નિશાંત મહેન્દ્રભાઈ જોષી, તત્કાલીન તલાટી પાંડરવાડા તેમજ પાંડરવાડા બીઓબી બેંકના મેનેજર મેળાપીપણામાં ૮૦,૦૦૦/- રૂપીયાની લોન મંજુર થયેલ હતા અને રમીલાબેન મગનભાઈ પંડયાને આવેલ છે. આ બીઓબી બેંકની લોનમાં વિશાલ મગનભાઈ પંડયા, નિશાંત મહેન્દ્રભાઈ જોષી એ ખોટી રીતે સાક્ષી રહીને સહીઓ કરેલ હતી. ઉપર લેવામાં આવેલ ૮૦,૦૦૦ની લોન માટે નોંધ નંબર-૨૫૪૨ની ૧૩૫-ડી નોટીસમાં ફરિયાદી મગનભાઈ પીતાંબરભાઈ પંડયાની સહીઓ કરી ન હોવા છતાં ખોટી સહીઓ કરવામાં આવી હતી. ૧૩૫-ડીની નોટીસમાં ૫૩ ખેડુતોની સહીઓની જરૂરીયાત હોવા છતાં આરોપી સર્કલ ઓફિસર સહીઓ વગર નોંધ મંજુર કરીને મદદગારી કર્યાની જણાઈ આવે છે. પાંડરવાડા બીઓબી બેંક માંથી સહિયારી જમીન ઉપર લેવામાં આવેલ ૮૦,૦૦૦/-રૂપીયાની લોનની ઉઘરાણી કરવામાં આવી ત્યારે મગનભાઈ પીતાંબરભાઈ પંડયા જાણ થતાં આ બાબતે ખાનપુર બાકોર પોલીસ મથકમાં આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવા માટે લેખિત રજુઆત કરવામાં આવતાં ખડભડાડ મચી જવા પામ્યો છે.

# શહેરાના ધમાઈ ગામે મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ધમાઈ ગામે રહેણાક મકાનમાં દારૂનું વેચાણ કરવામા આવતુ હોવાની બાતમીના આધારે પોલીસની ટીમે રેડ કરીને દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડયો છે. દારૂ અને બીયરના ટીન કુલ મળી ૭૬,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ સહિત બે ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરા તાલુકામાં દારૂનું વેચાણ કરી સમાજને બરબાદીના માર્ગે પહોચાડનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. સ્થાનિક પોલીસ મથકના મહિલા પી.એસ.આઇ નીલમ ઢોડિયા સહિત પોલીસ ટીમ તાલુકા વિસ્તારમા પેટ્રોલિંગમાં હતા. ત્યારે ખાનગી બાતમીદારો તરફથી બાતમી મળી હતી કે, ધમાઈ ગામે ધાટી ફળિયામાં રહેતા હરીભાઈ મનસુખભાઈ પટેલ પોતાના રહેણાક મકાનમાં ગામના કમળભાઈ બીજલભાઈ પટેલનો વિદેશી દારૂનો જથ્થો વેચાણ માટે સંતાડી રાખ્યો છે. આથી પોલીસે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા મકાન બંધ હોઈ તેનું તાળું તોડતા દારૂનો જથ્થો જોઈ પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસે દારૂ અને બીયરના ટીન ભરેલી પેટીઓ ને પોલીસ મથક ખાતે લાવી જરૂરી કાર્યવાહી હાથધરી હતી. દારૂ અને બીયરના જથ્થાની કિંમત રૂપિયા ૭૬,૮૦૦/- ના મુદ્દામાલ સાથે હરીભાઈ મનસુખભાઈ પટેલ, કમળભાઈ બીજલભાઈ પટેલ સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ઉલ્લેખનીય છે કે, ચૂંટણીમાં છાની છૂપી રીતે દારૂનું વેચાણ મોટા પાયે થયું હોવાનું તાલુકા પંથક મા જોરશોર થી ચર્ચાઈ રહ્યું હતું. ત્યારે પોલીસ તંત્ર પણ દેર આયે દસ્તુર આયે તે કહેવત ને સાર્થક કરતા હોય તેમ કાર્યવાહી કરી હોય તેમ લાગી રહ્યુ છે.

# પંચમહાલ જિલ્લામાં ધોળાકુવા ખાતે મોરવા(હ) અને ઘોઘંબા તાલુકાના ખેડુતો માટે તાલીમ યોજાઈ



ગોધરા, પંચમહાલ જિલ્લામાં મોરવા (હ) અને ઘોઘંબા તાલુકાના ખેડુત ભાઇઓ અને બહેનો માટે ખેડુત તાલીમ કેન્દ્ર, ધોળાકુવા ખાતે જિલ્લા અંદર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ખેડૂત તાલીમ કેન્દ્ર, ગોધરાના તાલીમ અધિકારી મતી ગીતાબેન ડી. ઈનામદારે ખેડુત તાલીમ કેન્દ્રની પ્રવૃતિઓ તેમજ મહિલાઓને કૃષિમાં ફાળો અંગે વિગતવાર માહિતી આપી હતી. મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના વડા અને સંશોધન વૈજ્ઞાનિક ડો. એમ.બી.પટેલ દ્વારા સંશોધન કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલી મકાઇની વિવિધ જાતો અને મકાઇની આધુનીક વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. બાગાયત અધિકારી નીતિનભાઇ આંબલીયા દ્વારા બાગાયત ખાતાની સહાય યોજનાઓ અને હાલમાં આઇ-ખેડુત પોર્ટલ ખુલ્લુ મૂકવામાં આવેલ છે. તો તેના માધ્યમથી અરજી કરી વધુમાં વધુ ખેડુતો લાભ લે તે અંગે માહિતી આપવામાં આવી હતી. ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર યોગેશભાઈ પટેલ દ્વારા આત્મા પ્રોજેક્ટના ગૃપમાં જોડાઇ વિવિધ પ્રવૃતિઓનો લાભ લેવા અનુરોધ કર્યો. પશુપાલન અધિકારી ડો. એન.એ.પટેલ દ્વારા આદર્શ પશુપાલન અને પશુઓમાં સમયસર રસીકરણનો લાભ પશુપાલકો લે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર ખાતેથી પશુપાલન ખાતાના વિષય નિષ્ણાંત ડો. બલવીર ખડ્ડા દ્વારા પશુઓમાં થતા રોગ અને જીવાતનું નિયંત્રણ કઇ રીતે કરવું તેની માહિતી આપી માહિતગાર કરવામાં આવ્યા હતા. તમામ કાર્યક્રમનું આયોજન કોવીડ-૧૯ મહામારીને ધ્યાને રાખી સોશિયલ ડિસન્ટન્સ, માસ્ક અને સેનીટાઇઝર સાથે કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૦-૦૩-૨૦૨૧, બુધવાર, મહા વદ-૧૨, સૂર્યોદય-૬-૩૭, સૂર્યાસ્ત-૬-૨૬, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રાવણ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# અધિકારીઓની અનિર્ણાયકતાના કારણે આલ્કોક એશડાઉનની ૭૦ કરોડની મશીનરી સડી રહી છે

ગાંધીનગર, ગુજરાત સરકારમાં અધિકારીઓની અનિર્ણાયકતાના કારણે બે વર્ષ પહેલાં બંધ થયેલી અર્ધ સરકારી કંપની આલ્કોક એશડાઉનની મશીનરી અને અન્ય સામગ્રીની હાલત એવી થઈ છે કે હવે કોઈ ભંગારના ભાવે પણ ખરીદવા ઉત્સુક નથી. બીજી તરફ જહાજોના નિર્માણમાં અક્ષમ્ય વિલંબ કરીને કંપનીએ ઈન્ડિયન નેવીને ૭૫ કરોડ રૂપિયા પાછા તો આપ્યાં નથી પરંતુ ૯.૬૦ કરોડ રૂપિયાનો વધારાનો ચૂનો લગાડ્યો છે.

આલ્કોક એશડાઉનના ભાવનગર અને અમરેલીના ચાંચ શિપયાર્ડમાં માટી જેવી બની ગયેલી મશીનરીની જે તે સમયે ૭૦ કરોડ રૂપિયાની કિંમત આંકવામાં આવી હતી પરંતુ આજે આ મશીનરી અધિકારીઓના ગેરવહીવટના કારણે વેચાઇ શકી નથી અને તેનું મૂલ્ય દિવસે દિવસે ઘટતું જાય છે. આજે આ ભંગારને લેવા માટે પણ કોઇ ઉદ્યોગ એકમ તૈયાર નથી.

આલ્કોક એશડાઉન કંપની બંધ થયા પછી તેની ભાવનગરની અસ્ક્યામતો, જમીન તેમજ સાધનસામગ્રી જે તે સ્થિતિમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડને સોંપવામાં આવી હતી જયારે કંપનીની ચાંચ ખાતેની મશીનરી અને જમીનનો કબજો અમરેલી કલેક્ટરને આપવામાં આવ્યો હતો. હાલ કંપનીની મશીનરી પડી રહી છે તેને બચાવવા માટે ખાનગી સુરક્ષા એજન્સી રોકીને પ્રતિ માસ ત્રણ લાખ રૂપિયાનો વ્યર્થ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

સરકારને ખોટના ખાડામાં ઉતારવાની ઉદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીઓની માનસિકતાનું ઉદાહરણ નેવીનો જહાજ બનાવવાનો ઓર્ડર હતો. ઈન્ડિયન નેવીએ કંપનીને ૨૦૦૮માં છ જહાજો બનાવવા ૬૬૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો પરંતુ કંપનીના ગેરવહીવટના કારણે નેવીને છ પૈકી પાંચ જહાજ મળી શક્યા ન હતા. કંપનીએ નેવીને બેંક ગેરન્ટીની રકમ પણ પાછી નહીં આપતાં ભારતીય નેવીના ૭૫ કરોડ રૂપિયા સલવાઇ ગયા છે.

જહાજો માટે ચૂકવેલી રકમ પાછી લેવા માટે છેલ્લા બે વર્ષથી નેવીના અધિકારીઓ ગુજરાત સરકાર અને ઉદ્યોગ વિભાગમાં ધક્કા ખાઈ રહ્યાં છે. ભારતીય નેવી પ્રતિ માસ ૪૦ લાખ લેખે છેલ્લા બે વર્ષથી ૯.૬૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજો વહન કરી રહી છે.

આલ્કોક એશડાઉનનું દેવું વધી જતાં તેણે એનસીએલટીમાં નાદારી નોંધાવી છે પરંતુ કંપની તરફથી નબળો વકીલ રોકવાના કારણે આ કેસની સુનાવણી બોર્ડ પર આવી શકતી નથી. બીજી તરફ કંપનીની મશીનરી નાશ પામી રહી હોવાથી સરકારને વધુ નુકશાન ભોગવવું પડી રહ્યું છે.

આત્મ નિર્ભરતા અને શિપ બિલ્ડીંગ વ્યવસાયનો વિકાસ કરવાના વચનો ગુજરાતમાં નિષ્ફળ ગયા છે. જે અધિકારીઓએ કંપનીની મશીનરી અને સામગ્રીને અનહદ નુકશાન પહોંચાડ્યું છે તેમની જવાબદારી ફિક્સ કરીને તેમને સજા કરવાની વાત તો દુર રહી પરંતુ સરકાર કંપનીની અસ્ક્યામતો બચાવી શકી નથી. અનિર્ણાયક બ્યુરોક્રેસી સામે ગુજરાતના રાજનેતાઓ પણ પાંગળા સાબિત થયાં છે.

અમરેલીમાં કંપની પાસે ગ્રેવીંગ ડ્રાય ડોક, ફેબ્રિકેશન બે, પેનલ બ્લોક એન્ડ હલ્લ, શીપ રીપેર જેટી, ડ્રાયડોક માટે સેલ્ફ ફ્લોટીંગ કેસિન ગેટ, વેસલ્સ માટે સાઇડ લોન્ચવેવ જેવી મશીનરી છે, જ્યારે ભાવનગરમાં ઈનહાઉસ ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ, ટેસ્ટીંગ ફેસેલિટી, સીએનજી સ્ટીલ કટીંગ સિસ્ટમ, કટ પ્લેટ્સ, ફેન્સ, એફઆરપી બોટ બિલ્ડીંગ શોપ છે. આ બધી સામગ્રી ધૂળ ખાઇ રહી છે. ઉદ્યોગ કમિશનરેટ દ્વાર ટેન્ડરો ઈસ્યુ કરવામાં આવ્યા હતા પરંતુ ભંગાર થઇ ગયેલી મશીનરી અને સામગ્રીના ખરીદારો કંપનીને હજી સુધી મળી શક્યા નથી.

# મોદી સરકારે ડિસેમ્બર સુધી ૧.૧૫ લાખ કરોડની લોન માંડવાળ કરી



ન્યુ દિલ્હી, ચાલુ નાણાંકીય વર્ષમાં બેંકોએ ડિસેમ્બર ક્વાર્ટર સુધી ૧.૧.૫ લાખ કરોડ રૂપિયાની લોન રાઇટ-ઓફ કરી રહી છે એટલે કે આટલા રકમની લોન જતી કરી છે. આ માહિતી બજેટ સેશનમાં રાજ્યકક્ષાના નાણાં મંત્રી અનુરાગ ઠાકુરે લોકસભામાં આપી છે. ગત વર્ષ પૂર્વેની ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની લોનની માંડવાળની તુલનામાં ચાલુ વર્ષે રાઇટ-ઓફની રકમ થોડીક ઓછી છે.

ભારતીય બેકિંગ સેક્ટર ઉંચી એનપીઓ અને લોન ડિફોલ્ટની સમસ્યાથી પીડિત છે. ભારતીય બેક્રોએ છેલ્લા ત્રણ વર્ષમાં ૫.૮૫ લાખ કરોડ રૂપિયાની લોનની માંડવાળ કરી છે. જેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦ દરમિયાન બેક્રોએ અનુક્રમે ૨,૩૬,૨૬૫ કરોડ રૂપિયા અને ૨,૩૪,૧૭૦ કરોડ રૂપિયાની લોન જતી કરી છે. તો ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ નવ મહિનામાં બેક્રોએ ૧,૧૫,૦૩૮ કરોડ રૂપિયાની લોન રાઇટ-ઓફ કરી છે. આમ કુલ આંકડો ત્રણના સમયગાળામાં બેક્રો દ્વારા લોન માંડવાળનો આંકડો રૂપિયા ૫.૮૫ લાખ કરોડે પહોંચ્યો છે.

અનુરાગ ઠાકુરે જણાવ્યુ કે, રાઇટ-ઓફ લોન પરત ચૂકવણી માટે બંધનકર્તા રહેશે અને બેક્રો દ્વારા લોન રિકવરીની પ્રક્રિયા ચાલુ રહેશે. રાઇટ ઓફથી લોનધારકને કોઇ ફાયદો થશે નહીં. રિઝર્વ બેક્રના આંકડાઓ મુજબ કોમર્શિયલ બેક્રએ ૨૦૧૮-૧૯માં ૨.૩૬ લાખ કરોડ રૂપિયા, ૨૦૧૯-૨૦મા ૨.૩૪ લાખ કરોડ રૂપિયા અને ૨૦૨૦-૨૧ના પ્રથમ નવ મહિનામાં ૧.૧૫ લાખ કરોડ રૂપિયાની લોનની રાઇટ-ઓફ કરી હતી.

અનુરાગ ઠાકુરે કહ્યુ કે, ડિજિટલ પ્લેટફોર્મ મારફતે ખોટી રીતે આપવામાં આવી લોન પર પ્રતિબંધ મૂકવા ઢગલાબંધ પગલાં લેવાયા છે. આવા પ્રકારની પ્રવૃત્તિ રોકવા માટે ૨૭ લોન આપતી એપ્લિકેશનસને બ્લોક કરવામાં આવી છે.

દેશમાં સૌથી વધારે લોનની માંડવાળ સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયાએ કરી છે. એસબીઆઇ એ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦માં ૫૨,૩૬૨ કરોડ રૂપિયાની લોન રાઇટ-ઓફ કરી છે. ખાનગી બેક્રોમાં સૌથી વધારે લોન માંડવાળી ICICI બેક્રે કરી છે. તેણે ૧૦,૯૪૨ કરોડ રૂપિયાની લોન રાઇટ-ઓફ કરી છે.

રિઝર્વ બેક્રના રિપોર્ટ મુજબ બેક્રોનો ગ્રોસ એનપીએ માર્ચ-૨૦૧૯માં ૯.૧ ટકા હતી જે માર્ચ ૨૦૨૦માં ૮.૨ ટકા છે. તેમાં મોટાભાગનો હિસ્સો આવા પ્રકારના રાઇટ-ઓફનો રહ્યો છે.

## દૈનિક રાશીફળ

તા.૧૦.૦૩.૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- સ્થાનીક સ્તરે તમારી કંપની પ્રંબધ થવાની નોકરીમાં મનગમતી જગ્યા મળે રાજકીય વ્યકિતની મુલાકાત થાય.
વૃષભ(બ.વ.ઉ.) :- લગ્ન ઈચ્છુકોને સફળતા મળે રહેવાનો નવા આયોજનો કોઈની મદદ મળે માતાનો સહકાર મળે.
મિથુન(ક.છ.ઘ.) :- વિદેશના પ્રવાસની શકયતાઓ ઉભી થાય નવી મિત્રતા લાભદાયક રહે સંસ્થાનો સારો હોદો સહકાર રહે.
કર્ક(ડ.હ.) :- નળબા વિચારોને ટાળજો કર્જ કરવાથી દુર રહેજો દસ્તાવેજના કાર્યમાં કોઈ ઉતાવણ ન કરવી.
સિંહ(મ.ટ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળે એકીએક નાણા માટે આશાવાદ ફળવાનો વિજાતીય મિત્રતા ગાઢ બને.
કન્યા(પ.ઠ.ણ.) :- વિદેશ વસતા સગા સ્નેહીઓ તરફથી શુભેચ્છા સંદેશો મેળવાશે સગાઈ લગ્નની ઈચ્છામાં સફળતા.
તુલા(ર.ત.) :- નાના કાર્યોમાં પણ ચીવટ રાખજો બિન જરૂરી વિવાદથી દુર રહેજો આવક વધારવાના પ્રયત્નો ફળવાના.
વૃશ્ચિક(ન.ય.) :- આર્થીક પ્રશ્નોને લઈને પ્રગતીના અવકરોધો રહે ધાર્મીક સંસ્થાના સારો હોદો મેળવશે કર્જ ન કરવુ.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- નવી ઓળખાણ થી લાભ રહે રચનાત્મક પ્રવૃતિમાં રૂચી વધવાથી ખર્ચ ઉપર કાબુ રાખવા પ્રયાસ થાય.
મકર(ખ.જ.) :- તમારી મહેનતનું ફળ મળવાનુ છે નોકરીમાં લાભ રહે કર્મચારી વર્ગને સફળતા રહે સ્વાસ્થય જાળવવું.
કુંભ(ગ.શ.સ.) :- સંતાનોની સગાઈ બાબતના કાર્યને લઈને પ્રવાસ થાય આવકનું પ્રમાણ જળવાઈ રહે નોકરીમાં બદલીના ચાન્સ.
મીન(દ.ચ.ઝ.) :- ઉત્સાહ વધવાનો કાનુની પ્રશ્નોથી દુર રહેજો રહેણાકના મકાનમાં બદલીના ફેરફારો થવાની ઈચ્છા ફળવાની.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળની કારોબારી સભા યોજાઈ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ ના ઉત્કર્ષ માટે કામ કરતા દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ ની કારોબારી સભા પંચાલ સમાજની વાડી દાહોદ ખાતે મંડળના પ્રમુખ રાજેશભાઈ પંચાલની અદયક્ષતામાં યોજાઈ ગઈ. આ પ્રસંગે દાહોદ નગરપાલિકામાં બિનહરીફ સભ્ય રીનાબેન ધર્મેશભાઈ પંચાલ અને દાહોદ જિલ્લા પંચાયત માં ગલાલીયાવાડ સિટના વિજેતા સુધીરભાઈ લાલપુરવાળાનું મન્ડલ દ્વારા શાલ-ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મંડળના મહામંત્રી સુરેશભાઈ પંચાલ દ્વારા શાબ્દિક સ્વાગત કરી કાર્યસૂચિ મુજબ મિટિંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી. દાહોદ જિલ્લા પ્રગતિ મંડળ રચિત વિવિધ સમિતિઓ દ્વારા આગામી સમયમાં સમાજ ઉત્કર્ષને લગતા વિવધ આયોજનો અંગે કારોબારીમાં દરખાસ્ત કરવામાં આવી. જેને સર્વાનુમતે બહાલ કરતા સમાજ માટે આગામી સમયમાં હાથ ધરાનાર શૈક્ષણીક સામાજિક, આરોગ્યલક્ષી અને સંગઠનને લગતી બાબતો અંગે આયોજન હાથ ધરવામાં આવશે. મંડળ ની બહુવિધ પ્રવૃતિઓના અસરકારક અમલીકરણ માટે દાહોદ જિલ્લાની યુવા અને મહિલા સ્વંય સેવક સમિતિને બહાલી મળતા પંચાલ સમાજ ના ઉત્કર્ષ માટે ૧૦૨ સ્વયં સેવકો કાર્યરત બનશે. જેના કારણે સંપૂર્ણ દાહોદ જિલ્લામાં વસતા પંચાલ સમાજને મંડળ ની બહુવિધ પ્રવૃત્તિઓનો લાભ મળશે.

મંડળના કાર્યાદયક્ષ હસમુખભાઈ પંચાલ દ્વારા મંડળ દ્વારા હાથ ધરાનાર વિવિધ પ્રવૃતિઓના અસરકારક અમલીકરણ માટે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મંડળના હોદ્દેદારઓ અને કારોબારી સદસ્યઓએ એજન્ડા મુજબ ચર્ચામાં સહભાગી બની સમિતિઓ દ્વારા હાથ ધરાનાર વિવિધ પ્રવૃત્તિઓને અનુમોદન આપી બહાલી આપી હતી..જેને સમિતિના કન્વીનર અને સદસ્યઓ એ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર કારોબારી સભાનું સંચાલન મંડળ ના મંત્રી ધર્મેશભાઈ પંચાલ અને હિમેનભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારની લાગણી સાથે મિટિંગની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

## ફતેપુરાના હડમત અંધશ્રદ્ધાના વ્હેમમાં ત્રણ ઈસમોએ હુમલો કરતાં ગંભીર ઈજાઓ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના હડમત ગામે અંધશ્રધ્ધાનું ભુત બળગતાં ત્રણ જણાએ ભેગા મળી એકને લોખંડની પાઈપ, લોખંડનો સળીયો વડે તેમજ લાકડી અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચવાતાં વિસ્તારમાં ચક્ચાર મચી જવા પામી હતી. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે નજીક્ના દવાખાને ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

હડમત ગામે ડામોર ફળિયામાં રહેતો રામાભાઈ ટીટાભાઈ બારીયા બેફામ ગાળો બોલી પોતાના જ ફળિયામાં રહેતી મંજુલાબેન તથા તેમના પરિવારજનોને કહેતો હતો કે, મારી બીમારીના દોરા ધાગા તે કરેલ છે તો મને આરામ થતો નથી, તેમ કહેતા મંજુલાબેન તથા તેમના પરિવારજનોએ ગાળો બોલવાની ના પાડતાં આ સાંભળી રામાભાઈ, વાલસીંગભાઈ દિતાભાઈ ગરાસીયા, બાબલાભાઈ ખેતાભાઈ ડામોર અને સોમાભાઈ ખેતાભાઈ ડામોર આ ચારેય જણા પોતાની સાથે લોખંડની પાઈપ, લોખંડનો સળીયો તેમજ લાકડીઓ વિગેરે લઈ દોડી આવ્યાં હતા અને એકદમ ઉશ્કેરાઈ જઈ મંજુલાબેનના પતિ ભરતભાઈને માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી ત્યાર બાદ ચારેયે ભેગા મળીને ભરતભાઈને ગડદાપાટ્ટુનો માર મારી ગંભીર ઈજાગ્રસ્ત ભરતભાઈને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે ભરતભાઈની પત્નિ મંજુલાબેન ભરતભાઈ ગરાસીયાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીયામાં વીજ કંપની દ્વારા ઉનાળો આવતાની સાથે લોડસેડીંગ શરૂ

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં મંગળવારે સવારે ૯ કલાક થી સાંજે ૬.૩૦ સુધી વીજ સપ્લાય બંધ રાખવામાં આવ્યું હતું. શું શું ? હવે ઉનાળું આવી જતા એમ.જી.વી.સી.એલ. વીજ બચત કરવા માટે આમ જનતાને ક્યાર થી કેટલા સમય સુધી બાનમાં લેશે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી દે.બારીયાના કાર્યપાલન ઈજનેર જે તે વિસ્તારનું મેન્ટેન્સ કાર્ય કરવાનું હોય તે વિસ્તારમાનો વિજ સપ્લાય બંધ રાખે તેવી આમ જનતા ઈચ્છી રહી છે. જયારે સામે શિવરાત્રી તથા હોળીનો પર્વ આવતા હોય તેથી વેપારી ભાઈઓની સીઝન શરૂ થવાના આરે છે. તે ધ્યાને લઈને વીજ સપ્લાય સમયને અનુરૂપ લોડ સેડીંગ કરાય તો વેપારીઓનું આર્થિક નુકશાન વેઠવાનો વારો આવે તે અંગેની ખાસ નોંધ રખાય તે જરૂરી છે. તેવી વેપારી તથા ઘરેલું વપરાશ કરતા ઉપભોક્તા ભાઈઓની માંગ ઉઠી છે.

## દે.બારીયામાં નવિન બનતા RCC રોડમાં હલ્કીકક્ષાનું મટીરીયલ વપરાતાં લોકોમાં રોષ

દે.બારીયા,



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા નગર પાલિકાના દ્વારા એમ.એમ.એસ.એસ.વાય. યોજના અનુસાર કન્સ્ટ.આર.સી.સી.રોડ વિક્ટરી સર્કલ ટુ મેઈન રોડ (બારીયા થી છોટાઉદેપુર રોડને જોડતો નવીન રોડ પાછળ ખર્ચ માટે ૨૨૮૩૨૦૦/-વોર્ડ નં.-પમાં આર.સી.સી.રોડ બનાવવામાં ખર્ચ કર્યા છે. પરંતુ તેમાં મટીરીયલ હલ્કી ગુણવતા વાળું કોન્ટ્રાકટર ઉપયોગમાં લેતા હોય છે. પરંતુ તેનું કોઈ જ નગર પાલિકાના સિવિલ ઈન્જીનીયર નીરીક્ષણ કરતા નથી. આ કાર્યમાં સૌનો સાથ સૌની મીલીભગતનો કોન્ટ્રાકટ થયો હોય અને નિરીક્ષણના થાય જેથી કોન્ટ્રાકટર મન ફાવે તેવું હલ્કીકક્ષાનું મટીરીયલ વાપરવા માંડયું છે. ટેન્ડરની શરતો મુજબ અને તેમાં મટીરીયલની શરતો મુજબ કાર્ય થાય છે. તે અંગેનું નીરીક્ષક કોઈ જ હાજર નથી. કોન્ટ્રાકટરના માણસો દેખવા મળે છે. નગર પાલિકાના ઈન્જીનીયર કાર્ય થાય છે. ત્યાં દેખવા મળતા નથી. મીક્ષચર મશીનમાં સીમેન્ટની થેલી અને ટેન્ડરમાં જણાવેલી સીમેન્ટ છે કે નહિ રેતી-કપચી કેટલા પ્રમાણમાં વાપરવી તે અંગેનો કોઈ જ માપદંડ જોવા વાળો દુર દુર સુધી દેખવા મળતા નથી. અધધધધ.. જેવી બસ્સો અઠાવીસ લાખની ઉપર માતબર રકમમાં શું ? ચારના સળીયાનો ટેન્ડરમાન શરતોમાં ઉલ્લેખ છે તે તપાસનો વિષય છે. આ દિવસે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. તેને કોણ રોકશે તે યક્ષ પ્રશ્ન છે શું ? લાગતા વળગતા પદના અધિકારી આ લુંટ ચાલી રહી છે. તેની તપાસ કરવા માટે આળશ ખંખેરશે ખરા? તે તો આવનારો સમય બતાવશે.

## દાહોદ સિટી સર્વે કચેરીમાં ઈન્ટરનેટ સેવા બંધ રહેતા કામો ઉપર લાગેલ બ્રેક

દાહોદ,

દાહોદ કલેક્ટર કચેરી પાસે આવેલી સિટી સર્વેની કચેરીમાં છેલ્લા એક સપ્તાહથી ઈન્ટરનેટ સેવા બંધ હોવાના કારણે જમીન સંબંધિત કામો પર બ્રેક વાગેલી જોવા મળી હતી.

હાલમાં અગત્યની વિવિધ એન્ટ્રીઓ દાખલ ન થતાં લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઈન્ટરનેટ સર્વર બંધ હોવાના કારણે લોકોના સિટી સર્વે કચેરીમાં વારસાઈ, હક્કમી, વેચાણ, બોજો દાખલ સહિતની જમીન સંબંધિત એન્ટ્રીઓના કામો અટવાઈ પડ્યા હતા.

હાલમાં કચેરીમાં ઓનલાઈન કામો બિલકુલ ઠપ્પ થઈ જતાં હજારો લોકોને ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. સાથે જમીન સંબંધિત કામો એકાએક અટવાઈ જતાં લોકોમાં રોષ વ્યાપેલો જોવા મળ્યો હતો.જેથી સિટી સર્વેની કામગીરી સત્વરે ચાલુ કરવા લોકોમાં માંગ ઉઠી છે.

## હાલોલ દ્વારકાધીશ મંદિરમાં હોલી રસીયાનો રંગારંગ કાર્યક્રમ યોજાયો

હાલોલ,

હાલોલ ખાતે પ્રભુ શ્રી દ્વારકાધીશ મંદિરમાં પૂજ્ય ડોક્ટર વાગીશ બાવા ના સાનિદયમાં બ્રહ્મસંબંધ રે હોલી રસિયા નો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. છોટે કાકરોલી પ્રભુ શ્રી દ્વારકાધીશ મંદિર હાલોલમાં પૂજ્ય શ્રી ડો.વાગીશરાજા યુગલ સ્વરૂપે પધારતા ઉષ્માભેર સ્વાગત કરાયુ વૈષ્ણવ બાળકોને બાલિકાઓને બ્રહ્મસબંધ ને દીક્ષા પ્રદાન કરીને બ્રહ્મસંબંનું મહત્વ સમજાવ્યું બ્રહ્મસંબંધ લીધા પછી વૈષ્ણવોને પોતાનું કર્તવ્ય અને ફરજ પ્રકૃતિ સંસ્કૃતિ ધર્મ સમાજ રાષ્ટ્ર અને સંપ્રદાય પ્રત્યે આપણી સૌની જવાબદારી શું તેનીવિશેષ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

સમજૂતી આપી હતી. પ્રભુ નારાજભોગ શૃંગાર અલૌકિક દર્શન અને સાંજના રે હોલી રસિયા રે આજ વ્રજમેં હોલી ખેલ રે નંદલાલ પૂજ્ય શ્રી જાતે ડફ અને મંજીરા વગાડીને વૈષ્ણવો ને ફુલ ફાગ મહોત્સવ પ્રોત્સાહિત કરી વ્રજ નૃત્યાંગનાઓ કરવામાં પ્રોત્સાહિત કરતા જોવા મળ્યા. હાલોલની આસપાસના વૈષ્ણવ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને વ્રજ માહોલ જોવા મળ્યો, તેરે લાલાને રંગ ડાલા રે તેરે લાલાને રંગ ડાલા એમ પૂજ્યશ્રીના કરકમલોદ્વારા એકબીજા ઉપર ફૂલોનો વરસાદ વરસાવીને કૃષ્ણ-રાધાના પ્રેમની અનુભૂતિ સાક્ષાત કરાવતા હોય એમ વૈષ્ણવોના ન ઊડ્યા અને યુગલ સ્વરૂપે પધારતા વૈષ્ણવો પણ મેં તો યુગલ સ્વરૂપે જોયા શ્રી યમુનાજી રે એમ ધોળ-કીર્તન પદ વધાઈ સાથે આજે યમુનાજી પધાર્યા મારે આંગણે રે આજ આનંદ ની લહેર એમના ઝૂમી ઊઠયા અને હાલોલ સાક્ષાત વ્રજનું ગોકુલ-મથુરાની-વૃંદાવન બરસાનાની યાદ આવી વ્રજમય માહોલ જોવા મળ્યો.

## દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યુવાનોના કૌશલ્યવર્ધન માટે શરૂ કરાયા શોર્ટ ટર્મ કોર્ષ

દાહોદ,

યુવાનો પોતાના હુન્નરમાં વધારો કરીને રોજગાર મેળવી શકે તે માટે ઝાલોદ રોડ ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દાહોદ ખાતે NSQF લેવલના શોર્ટ ટર્મ કોર્ષ શરૂ કરાયા છે. આ કોર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોને ઓનલાઇન ફોર્મ ભરવા માટે જરૂરી પ્રમાણપત્રો સાથે સંસ્થા ખાતે જાહેર રજા સિવાય સવારના ૧૧ થી બપોરના ૪ દરમિયાન તાલીમ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

સંસ્થા ખાતે શરૂ કરવામાં આવનારા કોર્ષના નામ, પ્રવેશ લાયકાત તેમજ સમયગાળો આ મુજબ છે. કોર્મશીયલ વ્હીકલ ડ્રાઈવર માટે ધોરણ ૮ પાસ તેમજ ૪૦૦ કલાકનો સમયગાળો, સીસીટીવી ઈન્સ્ટોલેશન ટેકનીશયન માટે ધોરણ ૧૦ પાસ તેમજ ૩૬૦ કલાક, મોબાઈલ ફોન હાર્ડવેર રીપેર ટેકનીશયન માટે આઈટીઆઈ પાસ તેમજ ૩૬૦ કલાક, ફીલ્ડ ટેકનીશયન કોમ્પ્યુટીંગ એન્ડ પેરીફેરલ્સ માટે ધોરણ ૧૨ પાસ/ડિપ્લોમા/સ્નાતક માટે ૩૦૦ કલાક, ફીલ્ડ ટેકનીશીયન અધર હોમ એપ્લાયન્સીસ માટે ધોરણ ૮ પાસ, આઈટીઆઇ, ડિપ્લોમા ઈલેક્ટ્રીકલ/ઈલેક્ટ્રોનીક્સ તેમજ ૩૬૦ કલાક, સર્વીસ ટેકનીશીયન હોમ અપ્લાયન્સીસ(ઓપ્શન : વોશીગ મશીન/વોટર પ્યુરીફાયર, માઇક્રોવેવ અવન) માટે આઇટીઆઇ/ડિપ્લોમા-ઈલેક્ટ્રીક/મિકેનિકલ, આરએસી તેમજ કોર્ષનો સમયગાળો ૩૦૦ કલાકનો રહેશે.આ અંગે વધુ માહિતી મેળવવા ફોન નં. ૦૨૬૭૩-૨૫૦૧૮૪ ઉપર સંપર્ક સાધી શકાશે. ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## ઝાયડસ હ્યુમન ડિપાર્ટમેન્ટ દ્વારા મહિલા દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,

તારીખ ૦૮મી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દાહોદની ઝાયડસ હ્યુમન રિસોર્સિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે વિવિધ ડિપાર્ટમેન્ટના મહિલા કર્મચારીઓ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સિવીલ સર્જન ડાં.સંધ્યા જોશી અને ડાં.ચારૂશીલા રૂકાડીકરણ દ્વારા સ્ત્રી શશક્તિકરણ વિશે મહત્વનો સંદેશો આપી તેમનાકામ બદલ બિરદાવવામાં આવ્યા હતાં. જેમાં મહિલાઓ માટે પ્રેરણાદાયક ફિલ્મ તથા વિવિધ રમતોનો કાર્યક્રમ રાખી દિવસને ખુબજ આનંદિત બનાવવમાં આવ્યો હતો અને દરેક મહિલા કર્મચારીઓને ગુલાબ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સાથે હોસ્પિટલ તેમજ કોલેજના વિવિધ વિભાગોમાં કામ કરતાં મહિલા કર્મચારીઓને તેમના શ્રેષ્ઠ કાર્ય બદલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પિટલના સીઓઓ ડાં.(પ્રો.) સંજયકુમાર, ડીન ડાં.(પ્રો.) સી.બી. ત્રિપાઠી, મેડિકલ સુપ્રિનેન્ડેન્ટ ડાં.ભરત હઠીલા, જનરલ મેનેજર પ્રકાશભાઈ પટેલ, એચ.આર. ડિપાર્ટમેન્ટના વડા કરનભાઈ શાહ તેમજ સિનિયર મેનેજર મીસ. હેતલ રાવની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## દાહોદના રોઝમ ગામેથી ૪૧ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રોઝમ ગામેથી પોલીસે એક રહેણાંક મકાન માંથી ૪૧,૪૦૦ના વિદેશી દારૂની જથ્થા સાથે એકની અટકાયત કરી અન્ય એક વિરૂધ્ધ પણ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રોઝમ ગામે તળાવ ફળિયામાં રહેતા ચતુરભાઈ ઉર્ફે કાળો ભયજીભાઈ ડામોર પોતાના મકાનમાં વિદેશી દારૂનો ધંધો કરતો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગત તા.૦૭મી માર્ચના રોજ તેના ઘરે ઓચિંતી પ્રોહી રેડ કરી હતી. આ રેડમાં પોલીસે ચતુરભાઈ ઉર્ફે કાળો ડામોરને ઝડપી પાડી ઘરની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૩૬૦ કિંમત રૂા.૪૧,૪૦૦ના પ્રોહી જથ્થા સાથે મદયપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં મેઘનગર ખાતે રહેતો મહેશભાઈ ભમ્મરભાઈ દહમા વિરૂધ્ધ પણ પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના મોતીપુરા ગામે છકડા ચાલકે બાઈક લઈ ઉભેલ વ્યકિતઓને અડફેટમાં લેતાં ૧ નું મોત

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના મોતીપુરા ગામે રસ્તાની સાઈડમાં મોટરસાઈકલ લઈ ઉભેલા બે જણાને માતેલા સાંઢની માફદ ધસી આવેલ એક છકડાએ આ મોટરસાઈકલ સવારોને અડફેટમાં લેતાં બે પૈકી એકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાનું જ્યારે એક ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૨૮મી ફેબ્રુઆરીના રોજ દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે જુના ફળિયામાં રહેતા લક્ષ્મણભાઈ બોડાભાઈ રાઠવા તથા જયંતિભાઈ અભેસીંગભાઈ રાઠવા આ બંન્ને જણા મોતીપુરા ગામે છોટાઉદેપુર હાઈવે પર રસ્તાની સાઈડમાં મોટરસાઈકલ ઉભી રાખી ઉભા હતાં. આ દરમ્યાન ત્યાંથી એક છકડો પુરઝડપે અને ગફલત રીતે હંકારી પસાર થતા આ રસ્તાની સાઈડમાં ઉભેલ લક્ષ્મણભાઈ અને જયંતિભાઈને અડફેટમાં લેતાં બંન્નેની નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જ્યાર જયંતિભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું જ્યારે લક્ષ્મણભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ સંબંધે ઈજાગ્રસ્ત લક્ષ્મણભાઈ બોડાભાઈ રાઠવાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિશ્વ મહિલા દિવસ નિમિત્તે જિલ્લા મહિલા અને બાળ અધિકારની કચેરી દ્વારા જી.પી. ધાનકા કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો

દાહોદ,

જિલ્લા મહિલા અને બાળ અધિકારની કચેરી દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નગરાળાના જી.પી. ધાનકા કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં લાભાર્થીઓને વ્હાલી દિકરી યોજના સહાય મંજૂરીના આદેશો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં પ્રોગામ ઓફિસર ગોસાઈએ મહિલાઓના અધિકારો વિશે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ ઉપરાંત દાહોદના દહેજ પ્રતિબંધક અધિકારી નીતિનકુમાર ગર્જ્રે પણ મહિલા દિવસની આ વર્ષની થીમ નેતૃત્વમાં મહિલાઓ થીમ પર ચર્ચા કરી, જિલ્લાની મહિલાઓને અનેકાવિધ ક્ષેત્રે નેતૃત્વ લે તે માટે હાકલ કરી હતી. કાર્યક્રમમાં સખી વનસ્ટોપ સેન્ટર, મહિલા પોલીસકર્મીઓ, મહિલા શકિત કેન્દ્ર અને જી.પી. ધાનકા કોલેજનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## નવરચના શાળા ગોધરાની દીકરીઓ અને મહિલા સ્ટાફ દ્વારા વિશ્વ મહિલા દિવસની કલા દ્વારા અનોખી ઉજવણી

ગોધરા,

નવરચના પ્રાથમિક શાળા ગોધરા દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવરચના પ્રાથમિક શાળા ગોધરાના ૩૨ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના ચિત્રો રજૂ કર્યા હતા.


શાળાના ચિત્ર શિક્ષક બાબુભાઈ વરીયા દ્વારા ત્રણ વિભાગમાં શ્રેષ્ઠ ત્રણ ત્રણ વિજેતા જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ વિભાગમાં પ્રથમ ક્રમે પઠાણ લામિયા સરફરાજ, બીજા ક્રમે હાટીયા યુસુફ એહમદ, ત્રીજા ક્રમે શેખ સબીના શકીલ, બીજા વિભાગમાં પ્રથમ ક્રમે



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

હાટીયા હાજરા એહમદ, બીજા ક્રમે પઠાણ નુરેસફા સરફરાજ, ત્રીજા ક્રમે સૈયદ અસ્ફીયાનાઝ રિયાજ અને ત્રીજા વિભાગમાં પ્રથમ ક્રમે સુરતી શીફા શબ્બીર, બીજા ક્રમે શેખ ઈશરત ઈશાક અને ત્રીજા ક્રમે કુરેશી નીગાર ઝહીર વિજેતા થયેલ છે. વિજેતા બાળકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સંસ્થાના વહીવટદાર એસ. વાય. દોલતી, શાળાના આચાર્ય ફિરોઝખાન પઠાણ, જબીનબેન કાઝી, સુપરવાઈઝર જુનેદ મનસૂરી અને શિક્ષક મિત્રો દ્વારા વિજેતા બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું. શાળાના મહિલા કર્મચારી મિત્રો દ્વારા રેડ - બ્લેક ડ્રેસ કોડ સાથે સ્પીચ અને પોતાના વિચારો દ્વારા ચિત્રો રજૂ કર્યા હતા. શાળાના મહિલા કર્મચારી મિત્રોને પુષ્પગુચ્છ આપી ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ડો સરવર જે વલી અને સભ્યો દ્વારા વિજેતા બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.



ગોધરાના વાવડી ટોલનાકા પાસે પસાર થઈ રહેલ કારમાં અચાનક આગ લાગી હતી અને જોતજોતામાં આગની લપેટમાં આવી હતી. સમય સૂચકતાને પગલે કારમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો હતો પરંતુ કારને મોટું નુકશાન પહોંચ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 166

